કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક : ૧૫૩ ● જાન્યુઆરી ૨૦૨૦



## કચ્છ સરહદે ભેટીયાબેટ હનુમાનજી મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧
















૧. કલોલ પંચવટી શ્રી સ્વામિનારાયણ મંદિરના બીજા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનાં અભિષેકની આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૨. વડુ ગામે બહેનોના નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૩. આપણા કાલુપુર મંદિરમાં ધનુર્માસ ધૂન મહોત્સવનો લાભ લેતા સંત-હરિભક્તો. ૪. ભગવાનપુરા-પ્રતાપપુરા આપણા મંદિર દ્વારા ગરીબ બાળકોને અન્ન અને જાકીટનું વિતરણ.






# શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૩ ● અંક : ૧૫૩

જાન્યુઆરી-૨૦૨૦

(મૂળ વર્ષ ૫૧)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
**Mo. : 9099098969**
**magazine@swaminarayan.in**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in
**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | સોળ સંસ્કાર | ૦૬ |
| ૦૪. | શ્રી વિઘ્નહર્તા ગણેશની પ્રાર્થના | ૦૮ |
| ૦૫. | ભેડીયાબેટ હનુમાનજી મહારાજનો પ્રતિષ્ઠોત્સવ | ૧૦ |
| ૦૬. | ગાવાનું બંધ કરો | ૧૪ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૬ |
| ૦૮. | સત્સંગ બાલવાટિકા | ૧૮ |
| ૦૯. | ભક્તિ સુધા | ૨૦ |
| ૧૦. | પ્રશ્નપેટી | ૨૪ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૨૫ |

# અસ્મદીયમ્

આ બ્રહ્માંડના માણસે પ્રકૃતિની એટલી બધી છેડછાડ કરી છે, પર્યાવરણને એટલું બધું નુકશાન પહોંચાડ્યું છે કે કુદરતની ઋતુચક્રનું માળખું ખોરવાઈ ગયું છે. આ વરસે વર્ષાઋતુમાં અનરાધાર વરસાદ પડ્યો અને હાલ પણ અવાર-નવાર ક્યાંકને ક્યાંક ઋતુ વગરનો વરસાદ માવઠું ચાલું છે. જેનાથી ખેતીને પારાવાર નુકશાન થયું છે. કુદરતની સામે માણસ વામણો પુરવાર થયો છે. આ રીતે જ જો કુદરતને પર્યાવરણને નુકશાન કરતા રહીશું તો તેનું થોડાક જ વરસોમાં ભયંકર પરિણામ ભોગવવું પડશે. દરિયા કિનારાના મોટા શહેરોને ખૂબજ જોખમ ઉભું થશે. અસહ્ય ગરમી-ઠંડી પડશે. અનરાધાર વરસાદ અને વાવાઝોડું આ પૃથ્વીને છીન્ન ભીન્ન કરી નાખશે. માટે આપણે સૌએ જો આવા ભયંકર પરિણામથી બચવું હોય તો પર્યાવરણને બચાવવાના કાર્યમાં લાગી જજો. નહીં તો આવનારું ભવિષ્ય સૌ માટે મોટો પડકાર છે.

આ અંક આપના હાથમાં આવશે ત્યારે ધનુર્માસ પુરો થવામાં હશે. આ માસમાં શ્રીહરિનામ સ્મરણ વિશેષ થયું. જેનું નામું હિસાબ અક્ષરધામમાં લખાય છે. એટલે જેમણે યેનકેન પ્રકારે ધૂનનો લાભ લીધો તેમના ખાતામાં પ્લસ છે. ધનુર્માસ આપણા માટે પુરો નથી થયો તે તો કાયમ ચાલું રહેશે. આપણે તો શ્રીહરિનું નામ સ્મરણ આઠે પહોર કરતાં રહેવાનું છે. એટલે આપણા માટે કાયમ ધનુર્માસ છે. જેમ આ જગતના વ્યસન જીવને વળગેલા છે તેમ આપણે ભગવાનના ભજન કીર્તન અને સ્મરણનું વ્યસન રાખવું. ધીરે ધીરે આ વ્યસન એવું પડશે કે જેના વગર ચાલે નહીં. રખે ક્યારેક રહી ગયું હોય તો તેનું આપણને અફસોસ-દુઃખ થાય. માટે સૌ શ્રીહરિના આશ્રિતોએ ભગવાનનું ભજન-કીર્તન આદિનું વ્યસન પાડજો. જેથી કરીને અંત કાળે યાદ આવે તો જીવની સદ્‌ગતિ થાય.



તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ડિસેમ્બર-૨૦૧૯)



૧ શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સેકટર-૨) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨ વાલી (રાજસ્થાન) પ.ભ. કિશનજી ડાયાજી માલીના નિવાસ સ્થાને પધરામણી.

૩ શ્રી સ્વામિનારાયણ મંદિર વડુ બહેનોના નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૪ શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ પંચવટી બીજા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૫-૬ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે પધરામણી.

૭ શ્રી સ્વામિનારાયણ મંદિર વણઝર (સરખેજ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૯-૧૦ (ભારત પાકિસ્તાન બોર્ડર પર) ભુજ (કચ્છ) મંદિર દ્વારા આયોજીત ભેડીયાબેટ શ્રી હનુમાનજી મહારાજના નૂતન મંદિરમાં પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૧ ડાંગરવા (પાટીદાર) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૩ નેત્રામલી (ઈડર દેશ) ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૪ ગાંધીનગર (સે-૨૩) શ્રી સ્વામિનારાયણ મંદિર 'વચનામૃત જ્ઞાન વર્ષા મહોત્સવ' પ્રસંગે પધરામણી.

૨૪થી ૨૭ નાઈરોબી ઈસ્ટ આફ્રિકા સ્વામિનારાયણ સત્સંગ મંડળ પાટોત્સવ અને મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (ડિસેમ્બર-૨૦૧૯)

૨ શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૩ ભુજ (કચ્છ) શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે પધરામણી.

૫ નારાયણપુરા મંદિર કથા પ્રસંગે પધરાણી.
નવા વણઝર શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૬ ડાંગરવા (પાટીદાર) શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૯ શ્રી સ્વામિનારાયણ મંદિર મણીયોર પધરામણી.

૧૩ શ્રી સ્વામિનારાયણ મંદિર કોચરબ પાલડી શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુલાસણ શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૧૯થી ૨૧ શ્રી પૂર્વ આફ્રિકા સ્વામિનારાયણ સત્સંગ મંડળ નાઈરોબી પાટોત્સવ પ્રસંગે પધરામણી.



# સોળ સંસ્કાર

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આપણી હિન્દુ સનાતન પરંપરામાં માણસના જીવનમાં સોળ સંસ્કાર કરવામાં આવે છે. સંસ્કાર એટલે સંશોધન-પરિશોધન-પરિશુધ્ધિ આપણા શાસ્ત્રો આત્માના પુર્નજન્મમાં વિશ્વાસ રાખે છે. સંસ્કાર વડે જીવની આધ્યાત્મિક-આધિભૌતિક-આધિદૈવિક એમ ત્રણેય પ્રકારની શુધ્ધિની વિધિ કરવામાં આવે છે. આપણા શાસ્ત્રો મનુષ્ય જન્મને મોક્ષ-મુક્તિનો અધિકારી ગણવામાં આવતો હોવાથી સંસ્કાર વડે દોષ મુક્ત કરીને ઉર્ધ્વગમન કરી શકે છે. જન્મ જન્માતર ચોરાશી લાખ યોનિમાંથી પસાર થઈને આવતો જીવ તે અવતારોમાં ના દોષ - સુક્ષ્મ વાસનાઓ - વિચારોના અંશ-સ્વભાવદોષ કાયિક-વાચિક-ખાન-પાનના દોષના અવશેષ જે પણ સાથે આવી ગયા હોય તેમાંથી શુધ્ધ કરવા જીવનના એક પછી એક તબક્કામાં સંસ્કારો કરવાથી જન્મ જન્માંતરના દોષથી મુક્ત થઈને એક આદર્શ માનવ જીવન વ્યક્તિનો વિકાસ તથા સત્યનૈમિકતાનો વિકાસ ઉત્તમ શ્રેષ્ઠ પવિત્ર આદર્શ શુધ્ધ ઉત્કૃષ્ટ જીવન માણસનું બની શકે છે. સંસ્કાર એક મનુષ્ય ને માટે આવશ્યક નિયમ બનાવવામાં આવ્યો છે. તેનું પાલન કરવું અતિ અનિવાર્ય જાણવું. જે વ્યક્તિ સોળ સંસ્કારોનું નિવર્હન નથી કરતો તેનું જીવન અધુરુ છે. સંસ્કારોની ઉણપ અન્ય કોઈ વિધિવિધાન વડે પૂર્ણતા કરી શકાતી નથી. અથવા એકાદ બે સંસ્કાર બાકી રહી જાય તો પણ તેની ઉણપ કમી તો રહે જ છે. આપણી પ્રાચીન આર્ય પ્રણાલી સોળ સંસ્કારોમાં ખૂબજ વિશ્વાસ રાખે છે. જે આજના સમયમાં પણ ગામડાની જીવન પ્રણાલીમાં સોળ સંસ્કાર સાંગોપાંગ જોવા મળે છે. સંસ્કાર સમ્પૂર્ણ વૈજ્ઞાનિક રીતે માણસના જીવનને પ્રભાવિત કરે છે. તમાસ સંસ્કારો કરવાના સમયમાં યથાવિધિ વૈદિક મંત્રો વડે મંત્રિત કરવામાં આવે છે. ઈષ્ટદેવ ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રી શ્લોક ૯૧ માં સ્વહસ્તે આશ્રિતો પ્રત્યે આજ્ઞા કરી છે કે, ‘‘જે દ્વિજ હોય તેમણે ગર્ભાધાન આદિ સંસ્કાર તથા આહ્નિક શ્રાધ્ધ એ ત્રણ જે તે પોતાનો ગૃહ્ય સૂત્રને અનુસારે કરીને જેવો જેનો અવસર હોય અને જેવી જેની ધનસંપત્તિ હોય તે પ્રમાણે કરવા.

સંસ્કાર વિના જીવના જન્મજન્માંતરના સ્વભાવ દોષ વાણી-વર્તનના દોષ, આચરણના દોષ, દૃષ્ટિના દોષ, શારીરિક-માનસિક ખોડ ખાંપણ ધર્મજ્ઞાનવૈરાગ્યાદિ સદ્‌ગુણોનો અભાવ, પરિવાર પ્રત્યે સહિષ્ણુંતા આવા પ્રકારના અનેક પ્રકારના દોષથી માણસ જીવનની અંદર પિડાતો હોય છે.

સોળ સંસ્કારોની નામ અને વિગત - વિધિ જણાવવામાં આવે છે.

(૧) **ગર્ભાધાન સંસ્કાર** : હિન્દુ પરંપરામાં ચાર સંસ્કાર માણસના જન્મ પહેલાં તથા અગીયાર જન્મ થયા બાદ અને એક મૃત્યુ પછી કરવામાં આવે છે. ગર્ભાધાન સંસ્કાર માતા પિતા પોતાની વંશ વૃધ્ધિને અર્થે મનોવાંછિત આદર્શ કુલદિપક યોગ્ય ગુણવાન તેજસ્વી સંતાનની કામના કરવાને નિમિત્તે એવા પવિત્ર ઋણાનુંબંધી આત્માને પ્રાર્થના કરવામાં આવે છે. સૌભાગ્યવતીની કામના કરવામાં આવે છે.

**(૨) પુંશવન :** ગર્ભસ્થ શિશુના શારીરિક માનસિક બૌદ્ધિક વિકાશ માટે વેદોક્ત વિધિના મંત્રો વડે સંસ્કાર કરવાથી બાળક સ્વસ્થ અને બુદ્ધિશાળી બને છે.

**(૩) સીમન્ત :** આ સંસ્કાર ગર્ભથી ચોથા-છઠ્ઠા-આઠમાં મહિને ગર્ભસ્થ શિશુનો શારીરિક માનસિક વિકશિત થયો હોવાથી માતાના વર્તન-વિચાર સાથે એકતા થવા લાગે છે. માટે માતાનું અનુકરણ કરતો બાળક માતાની આચાર-વિચાર-શ્રવણ કીર્તનની સાવધાની જાગૃતિ રાખવાની વિધિ.

**(૪) જાતકર્મ :** બાળકનો જન્મ થયા પછી જાતક્રમ કરવામાં આવે છે. તેમાં બાળકના જન્મના સમયના દોષ તથા ગર્ભમાં રહેવાના દોષથી મુક્ત કરીને દીર્ધાયુ કરવાના મંત્રો ભણવામાં આવે છે તેમજ કુળ પરંપરાના દેવ-દેવીની સુરક્ષા કવચ કર્યા પછી જે તે દેવો અને પિતૃઓને પૂજા વડે તૃપ્ત કરવામાં આવે છે. તથા ઘી અને મધનો હોઠ પણ સ્પર્શ કરે છે. તથા નાભિદંડને કાપવામાં આવે છે.

**(૫) નામકરણ :** સંતાનના જન્મથી અગીયારમાં દિવસે નામકરણ કરવામાં આવે છે. વિદ્વાન બ્રાહ્મણો દ્વારા જન્મ સમયની જન્મપત્રિકા તૈયાર કરીને તેને અનુરુપ નામ રાખવામાં આવે છે.

**(૬) નિષ્ક્મણ :** નિષ્ક્રમણ એટલે બહાર નિકળવું. જન્મથી ચોથા મહિને શિશુને ઘરની બહાર લાવવામાં આવે ત્યારે પંચમહાભૂત પૃથ્વી-જળ-તેજ-વાયુ-આકાશનાં દર્શન કરાવીને પુત્રના ક્ષેમ કલ્યાણની પ્રાર્થના કરે છે.

**(૭) અન્નપ્રાશન :** શિશુના જન્મથી સાતમા મહિને બાળકને શુકનમાં અન્ન જમાડવામાં આવે છે તે દિવસે અન્નપૂર્ણા દેવીનું પૂજન થાય છે.

**(૮) ચૌલ સંસ્કાર :** જન્મથી એક-ત્રણ-પાંચ વર્ષની આયુમાં મુંડન સંસ્કાર વડે ગર્ભના કેશ ઉતારવામાં આવે છે. તેથી બાળકની બુદ્ધિનો વિકાશ થાય અને ગર્ભના સમયના કિટાણુંઓનો નાશ થાય છે.

**(૯) વિદ્યારંભ :** આ સંસ્કારના માધ્યમથી બાળકને યથોચિત શિક્ષણ આપવાનો પ્રારંભ કરવાના સમયે વિદ્યાદેવી મા શારદાની પૂજા કરવામાં આવે છે.

**(૧૦) કર્ણવેધ :** શિશુની સુવર્ણની સોય વડે કાન વિંધવામાં આવે છે તેમાં ઘરેણા પહેરવાની સુવિધા તથા એક્યુપંકચર વડે મસ્તિકમાં રક્તનો પ્રવાહ સુચારું રીતે થાય તેમજ સ્મરણ શક્તિમાં વધારો થાય.

**(૧૧) ઉપનયન :** ગુરુની પાસે જઈને બીજો જન્મ દ્વિજત્વ આપીને ત્રણ સૂત્રની યજ્ઞોપવિત ધારણ કરવાની વિધિ કરવામાં આવે છે. યજ્ઞોપવિતની ગ્રન્થીમાં બ્રહ્મા-વિષ્ણુ-શિવ તથા નવ સૂત્ર તંતુમાં ૐકાર, અગ્નિ, શેષ, ચંદ્ર, પિતૃ, પ્રજાપતિ, અગ્નિ, સૂર્ય, વિશ્વદેવની ભાવના સહિત આવાહ્ન પૂજન કરવામાં આવે છે.

**(૧૨) વેદારંભ :** બાળકને શિક્ષણની સાથે સાથે વેદોનું જ્ઞાન આપવામાં આવે છે.

**(૧૩) કેશાની સંસ્કાર :** બ્રહ્મચર્યાશ્રમમાં વિદ્યારંભની પૂર્વે કેશાન્ત એટલે કે બ્રહ્મચર્યની સિધ્ધિને માટે મસ્તક પર મુંડન રાખવાનું શરુ કરવામાં આવે છે. કારણ કે કેશમાં કામદેવનો વાસ રહેલો હોય છે.

**(૧૪) સમાવર્તન :** શિક્ષાપૂર્ણ કરીને ઘેર પરત આવતાનો સંસ્કાર.

**(૧૫) વિવાહ :** સર્વથી અધિક મહત્વનો લગ્ન સંસ્કાર વરવધુ સાથે અગ્નિ પ્રગટાવીને ધર્મનું પાલન કરવાનો દેવોની સાક્ષીમાં સંકલ્પની પરિક્રમા ફરવામાં આવે છે. તે અગ્નિ દ્વારા થાય અને તે વડે પિતૃઋણમાંથી મુક્ત બને છે.

**(૧૬) અંત્યેષ્ઠિ :** દેહ ત્યાગ થયા બાદ જે અગ્નિ લગ્ન સમયે પ્રગટાવવામાં આવ્યો હતો તે અગ્નિ ઘરથી સ્મશાન લઈ જઈને શરીરને દાહ આપવાનો સંસ્કાર કરવાથી તે આત્મા તમામ ઋણમાંથી મુક્ત બને છે.

## નવું પ્રકાશન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પ્રકાશિત થયેલું અને શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીની કલમે લખાયેલું ''શ્રીહરિ ચરિત્રા કથા''એ નામના પુસ્તકનું ગાંધીનગરમાં ઉજવાયેલ વચનામૃત જ્ઞાન વર્ષા મહોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિમોચન થયું હતું.

પ્રાપ્તિ : (૧) સાહિત્ય કેન્દ્ર, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ.
(૨) શ્રી સ્વામિનારાયણ મંદિર સેકટર-૨૩, ગાંધીનગર

# વિઘ્નહર્તા શ્રી ગણેશની પ્રાર્થના

- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)



॥ गणपतिस्तोत्रम् ॥

विघ्नेश विघ्नचयखण्डननाधेयं श्रीशंकरात्मज सुराधिपवन्द्यपाद ।
दुर्गामहाव्रतफलाखिलमंगलात्मन्
विघ्नंममापहरसिद्धिविनायक त्वम् ॥१॥
सत्यद्मरागमणिवर्णशरीरकान्ति
श्रीसिद्धिबुद्धिपरिचर्चितकुंकुमश्रीः ।
दक्षस्तनेवलयितातिमनोज्ञ शुण्डो
विघ्नंममापहरसिद्धिविनायक त्वम् ॥२॥
पाशांकुशाब्जपरशूंश्च दधच्चतुर्भिर्दोर्भि-
श्चशोणकुसुमस्त्रगुमांग जातः ।
सिन्दुरशोभितललाटविधुप्रकाशो
विघ्नंममापहरसिद्धिविनायक त्वम् ॥३॥
कार्येषुविघ्नचयभितविरंचिमुख्यैः
सम्पूजितः सुरवैररपि मोदकाद्यैः ।
सर्वेषु च प्रथममेव सुरेषु पूज्यो
विघ्नंममापहरसिद्धिविनायक त्वम् ॥४॥
शीघ्रांचनस्खलनचुंचुंरवोर्ध्वकण्ठ-
स्थूलोन्दुरूद्रवणासितदेवसंघः ।
शूर्पश्रुतिश्चपृथुवर्तुलतुंगतुन्दो
विघ्नंममापहरसिद्धिविनायक त्वम् ॥५॥
यज्ञोपवितजलम्भितनागराजो
मासादिपुण्यदद्दशीकृतऋक्षराजः ।
भक्ताभयप्रद दयालय विघ्नराजो
विघ्नंममापहरसिद्धिविनायक त्वम् ॥६॥
सद्रवसारततिराज सत्किरीटः
कौसुम्भचारुवसनद्वय उर्जितश्रीः ।
सर्वत्रमंगलकरस्मरणप्तापो
विघ्नंममापहरसिद्धिविनायक त्वम् ॥७॥
देवान्तकाद्यसुरभीतसुरार्तिहर्ता
विज्ञानबोधनवरेण तमोपहर्ता ।
आनन्दितत्रिभुनेश कुमारबन्धो
विघ्नंममापहरसिद्धिविनायक त्वम् ॥८॥

॥ इति श्रीशतानन्दमुनिविरचितं सत्संगिजीवनस्थं श्रीगणपतिस्तोत्रम् ॥

શ્રીહરિએ શિક્ષાપત્રીમાં પાંચ દેવોને સદા પૂજ્ય માનવા કહેલ છે તેમાં ગણેશજીનું સ્થાન ત્રીજું છે, અને સર્વદેવોમાં ગણેશજીને સૌ પ્રથમ પૂજ્ય કહેલાં છે, જીવનમાં આવતાં સર્વ વિઘ્નોને દૂર કરવાનું સામર્થ્ય તેમનામાં છે. વિઘ્નોના તેઓ અધિષ્ઠાતા દેવ છે, તેથી સ્વયં પરમાત્મા ભગવાનશ્રીસ્વામિનારાયણને જ્યારે મનુષ્ય દેહ ધરીને પોતાના સ્વરૂપનું જ્ઞાન સમગ્ર જગતને આપવા માટે ઘરનો ત્યાગ કરવો હતો ત્યારે તે ત્યાગ કરવામાં કોઈ વિઘ્નનું આવરણ ન આવે તે માટે સૌ પ્રથમ વિઘ્નહર્તા ગણેશજીનું સ્મરણ માનવ માત્રને અનુસરણ કરવા માટે કરેલ છે તે શતાનન્દ મુનિ સત્સંગિજીવન શાસ્ત્રના પ્રકરણ ૧ ના અધ્યાય ૪૨ શ્લેક ૪ થી ૧૧ સુધી વર્ણવેલ છે તે સ્તોત્ર ગણશેજીની પ્રાર્થનાના સંસ્કૃત શબ્દોનો અર્થ વિચારીએ

**વિઘ્નેશ વિઘ્નચયખણ્ડનનામધેયં શ્રીશંકરાત્મજ**
**સુરાધિપવન્ધપાદ । દુર્ગામહાવ્રતફલાખિલમંગલાત્મન્**
**વિઘ્નં મમાપહરસિદ્ધિવિનાય ત્મમ્ ॥૧॥**

હે વિઘ્નોના નિયન્તા ઈશ્વર ગણેશજી મનુષ્યના જીવનમાં આવતાં સર્વ વિઘ્નોના સમૂહનો નાશ કરવો તે તો આપના મંગળ કારી નામનો જ પ્રતાપ અને મહિમા છે.

તેથી મોટા મોટા દેવો ઈન્દ્ર વગેરે આપના ચરણ કમળમાં સદા વંદન કરે છે, માતા પાર્વતીજીના મહાન તપના ફળ સ્વરૂપે પ્રગટ થઈને સર્વનું મંગળ કરો છો , એવા હે સમગ્ર સિદ્ધિઓના નિયામક મારા જીવનમાં આવનારા સર્વ વિઘ્નોને આપ દૂર કરો. (૧)

**સત્પદ્મરાગમણિવર્ણશરીરકાન્તિ શ્રીસિદ્ધિ બુદ્ધિપરિચર્ચિતકુંકુમશ્રીઃ । દક્ષસ્તનેવલ યિતાતિમનોજ્ઞ શુણ્ડો વિઘ્નં મમાપહરસિદ્ધિવિનાય ત્વમ્ ॥૨॥**

શ્રેષ્ઠ કમળ એટલે કે બ્રહ્મ કમળના પુષ્પને સુન્દર દિવ્ય મણી અર્થાત સ્વચ્છ કિંમતી મોટો હિરો હોય અને તેની બાજુમાં મુકીએ અને તે જેવો શોભે તેવો તમારા શરીરનો રંગ છે. અને તેના ઉપર તમારી બેઉ સુન્દર રૂપવાન ગુણીયલ સિદ્ધિ બુદ્ધિ નામની પત્નીઓએ ચારે બાજુથી કુંકુમનો લેપ કરેલ છે, જેથી તેની શોભા અવર્ણનીય બની છે, તે શોભામાં આપની સુન્દર અને લાંબી સૂંઢ તમારા જમણા સ્તન ઉપર વિંટળાયેલ છે જે દર્શન કરનારાના મનને આનંદિત કરે છે . એવા હે સમગ્ર સિદ્ધિઓના નિયામક મારા જીવનમાં આવનારા સર્વ વિઘ્નોને આપ દૂર કરો. (૨)

**પાશાંકુશાબ્જપરશૂંશ્ચ દધચ્ચતુર્ભિર્દોર્ભિશ્ચશોણકુસુમ્રગુમાંગ જાતઃ । સિન્દૂરશોભિતલલાટવિધુપ્રકાશો વિઘ્ન મમાપહરસિદ્ધિવિનાય ત્વમ્ ॥૩॥**

પોતાના ભક્તોની રક્ષા કરવા અને દુષ્ટોને દંડ દેવા માટે ચારેય હાથમાં પાશ અંકુશ કમળ અને પર્શુને ધારણ કરી રાખેલ છે, તમને અતિ પ્રિય એવા લાલ પુષ્પની માળા હાર કંઠ માં ધારણ કરેલ છે. જે તમો માતા પાર્વતીજીના અંગથી પ્રગટ થઈને આભૂષણ રૂપે ચન્દ્રને અને સિંદૂરને તમારા લલાટ ઉપર ધારણ કરી રાખેલ છે, એવા હે સમગ્ર સિદ્ધિઓના નિયામક મારા જીવનમાં આવનારા સર્વ વિઘ્નોને આપ દૂર કરો. (૩)

**કાર્યેશુવિઘ્નચયભિતવિરંચિમુખ્યૈઃ સમ્પૂજિતઃ સુરવૈરેરપિ મોદકાદ્યૈઃ । સર્વેષુ ચ પ્રથમમેવ સુરેષ પૂજ્યો વિઘ્નં મમાપહરસિદ્ધિવિનાય ત્વમ્ ॥૪॥**

પોતાના કાર્યોમાં આવનારા વિઘ્નોથી ભય પામીને બ્રહ્માદિક દેવોએ સારી રીતે તમને પ્રિય એવા લાડુઓથી પૂજા કરેલ છે, અને આપ તો સર્વ દેવોમાં પ્રથમ પૂજ્ય છો, એવા હે સમગ્ર સિદ્ધિઓના નિયામક મારા જીવનમાં આવનારા સર્વ વિઘ્નોને આપ દૂર કરો. (૪)

**શીઘ્રાંચલનસ્ખલન ચુંચુર્વોર્ધ્વકાણ્ડસ્થૂલોન્દુરૂદ્રવણાસિતદેવસંઘઃ । શૂર્પશ્રુતિશ્ચપૃથુવર્તુલતુંગતુન્દો વિઘ્ન સમાપહરસિદ્ધિવિનાય ત્વમ્ ॥૫॥**

ભક્તોના વિઘ્નો દૂર કરવા માટે ઉતાળથી વેગથી ચાલવાની ટેવથી પોતાના વાહન એવા મુશકરાજ ઉંદરજીને પડી જવાથી ચૂં ચૂં એવા અવાજ કરતાં વાહનને ફરીથી દોડવાની પ્રેરણા આપો છો, તેથી દેવતાનો સમૂહ ખૂબ જ આનન્દ પામે છે, કારણ કે તમારા મોટા સૂપડા જેવા કાન અને મોટું સુંદર વિશાળ પેટ ને જોઈને સૌને હસવું આવે છે એવા હે સમગ્ર સિદ્ધિઓના નિયામક મારા જીવનમાં આવનારા સર્વ વિઘ્નોને આપ દૂર કરો. (૫)

**યજ્ઞોપવિતપદલસ્મિતનાગરાજો માસાદિપુણ્યદક્શીકૃતઋક્ષરાજઃ । ભક્તાભયપ્રદ દયાલય વિઘ્નરાજો વિપ્ર મમાપહરસિદ્ધિવિનાય ત્વમ્ ॥૬॥**

પવિત્ર યજ્ઞોપવિતની જગ્યાએ સાક્ષાત્ નાગ તમે ધારણ કરેલ છે અને ભાદવા સુદ ૪ ચતુર્થી તિથિ જે પ્રથમ કહેવાય છે તે દિવસે જે ચન્દ્રના દર્શન કરે છે તેનું તમો મંગળ કરો છે, તેને નિર્ભય કરી દો છો, દયાના સાગર છો. સર્વ વિઘ્નોના રાજા છો એવા હે સમગ્ર સિદ્ધિઓના નિયામક મારા જીવનમાં આવનારા સર્વ વિઘ્નોને આપ દૂર કરો. (૬)

**સલસારતતિરાજ સત્કિરીટઃ કૌમુશ્મચારૂવસનદ્રય ઉર્જિતશ્રીઃ । સર્વત્રમંગલકરસ્મરણપ્રતાપો વિપ્ર સમાપહરસિદ્ધિવિનાય ત્વમ ॥૭॥**

તમારા મસ્તક ઉપર ઉત્તમ પ્રકારના રત્નોથી સુશોભીત મુકુટ ધારણ કરેલ છે, અતિશય શોભાવાળા કસુંબલ રંગના બે વસ્ત્રો ધારણ કરી રહ્યા છો, સર્વત્ર તમારું સ્મરણ સદા મંગલકારી છે એવો તમારો મહાન પ્રતાપ છે એવા હે સમગ્ર સિદ્ધિઓના નિયામક મારા જીવનમાં આવનારા સર્વ વિઘ્નોને આપ દૂર કરો. (૭)

**દેવાન્તકાદ્યસુરભીતસુરાર્તિહર્તા વિજ્ઞાનબોધનવરેણ તમોપહર્તા । આનન્દતત્રિભુવનેશકુમારબન્ધો વિપ્ર મમાપહરસિદ્ધિવિનાય ત્વમ્ ॥૮॥**

મોટા મોટા અસુરો દેવાન્તક આદિના ભયથી દેવોને નિર્ભય કરનારા છો, તમારા શરણે આવેલા સર્વ રાજા કે રંકના અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરીને ત્રિભુવનપતિ બ્રહ્માદિક દેવોને આનન્દ આપો છો અને કુમાર કાર્તિકેયના ભાઈ છો એવા હે સમગ્ર સિદ્ધિઓના નિયામક મારા જીવનમાં આવનારા સર્વ વિઘ્નોને આપ દૂર કરો.(૮)

# ભેડીયાબેટ હનુમાનજી મહારાજનો પ્રતિષ્ઠોત્સવ

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ)

૧૯૭૧ ના વર્ષમાં થયેલું ભારત-પાકિસ્તાનનું યુધ્ધ ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાશે. કેમ કે તેમાં ભારત દેશના ઝાંબાઝ શૂરવીર સૈનિકોએ પાકિસ્તાનને ભારે પરાજ્ય આપી તેમના ઘણા બધા પ્રદેશ ઉપર પોતાનો વિજયધ્વજ ફરકાવી દીધો હતો. માભોમને કાજે હજારો નવલોહિયા સૈનિકોએ પોતાના પ્રાણની આહુતિ આપીને ભારત દેશના ધ્વજને ઉન્નત કર્યો હતો. દુશ્મન દેશના હજારો કિલોમીટરના પ્રદેશમાં ભારતનું સૈન્ય આધિપત્ય જમાવીને બેઠુ હતું. પરંતુ ત્યારબાદ હિંદુ સંસ્કૃતિ મુજબ દુશ્મનોને માફી આપી માનવતાના મૂલ્યોને જીવંત રાખવા સેનાધિપતિઓએ જીતેલો મુલ્ક તેમને પરત આપવાનું નક્કી કર્યું અને પોતાના શૂરવીર જવાનોને ભારતની હદમાં પરત ફરવા જણાવ્યું.

અનેક સૈનિકો ભારતમાં પોતાના શસ્ત્રો, વાહનો, સરસામાન સહિત ભારતની હદ તરફ આગળ વધતા હતા ત્યારે જત-તલાઈ ચોકી પાસેથી વરાંવાર અવાજ આવ્યો કે, ''મને પણ સાથે લઈ જાઓ.... મને પણ સાથે લઈ જાઓ....'' અનેક સૈનિકોએ આવું વારંવાર સાંભળ્યું તેથી તેમણે આજુબાજુ તપાસ કરી પણ ત્યાં યુધ્ધના માહોલમાં કોઈ વ્યક્તિ ન હતી. પણ હનુમાનજી મહારાજની એક નાની ડેરી નજરે ચઢી. સૈનિકોને તત્ક્ષણ અનુભવ થયો કે આ અવાજ આ મૂર્તિનો જ છે. તેમણે એ મૂર્તિને અહોભાવથી પોતાની સાથે લઈ લીધી અને તે સાથે જ પેલો દિવ્ય, આકાશવાણીનો અવાજ બંધ થઈ ગયો. લશ્કરના અતિ શૂરવીર સેનાધિપતિઓ, ઓફિસરો આ જોઈને અવાક્ થઈ ગયા. તે ચમત્કારી મૂર્તિને ભારતની હદમાં લાવ્યા અને ખૂબજ શ્રમિત થઈ ગયા હોવાથી બોર્ડરની અંદર જ ત્રણચાર કિલોમીટરના અંતરે વિશ્રામ લેવા સૌ સૈનિકો બેઠા અને મૂર્તિ પણ ત્યાં એક બાજુએ મુકી.

આ વિશ્રામ સ્થળ એટલે કચ્છની સરહદે આવેલું ભેડિયા બેટ. થોડા સમય પછી લશ્કરે આગળ વધવા પડાવ સંકેલવા માંડ્યો અને સાથે લાવેલી મૂર્તિ પણ યાદ કરીને અહોભાવથી લેવાની કોશિશ કરી. પરંતુ હનુમાનજી મહારાજે અહીં જ પરચો-ચમત્કાર બતાવ્યો એ નાનીશી પથ્થરની મૂર્તિ બિલકુલ ખસી જ નહિ ! જે ઝાંબાજ જવાનો હજુ હમણાં જ પોતાના બાહુબળે કરીને દુશ્મનને ભારે શિકસ્ત આપીને વિજય મેળવીને આવ્યા છે તેવા શૂરવીર યોધ્ધાઓથી પણ એ નાનીશી મૂર્તિ એક ઈંચ પણ ખસી નહિ ! આખું ભારતીય સૈન્ય વિસ્મય પાણી ગયું. જેમ રાવણના દરબારમાં અંગદે મુકેલો પગ કોઈ હલાવી ન શક્યું તેમ જ આ હનુમાનજી મહારાજની પ્રતિમા અનેક પ્રયત્નો પછી પણ તે જગ્યાએ બિલકુલ ખસી નહિ. સેનાધિપતિઓ સમજી ગયા કે આ મૂર્તિ નથી પણ સાક્ષાત્ હનુમાનજી મહારાજનો આદેશ-આજ્ઞા છે. તેથી સૌએ તાત્કાલિક રીતે ત્યાં નાનો પતરાની આડશો મૂકીને શેડ જેવું બનાવી હનુમાનજીની તે મૂર્તિ ઉપર ગોઠવી દીધું. ત્યાં કચ્છના રણમાં તો કશું હતું નહિ તેથી પૂજન-અર્ચન માટેના કોઈ પદાર્થો મળ્યા નહિ. સર્વે સૈનિકો તેમને નમસ્કાર વંદન કરીને પોતપોતાની ફરજ બજાવવા માટે આગળ નીકળી ગયા અને હનુમાનજી મહારાજે તે જ જગ્યાએ પોતાનું સ્થાન જમાવ્યું.

આ જગ્યા એટલે કચ્છની ભેડીયાબેટ સરહદ. ભારત પાકિસ્તાનની આ સરહદ ખૂબ જ સંવેદનશીલ જગ્યા છે. ચારેય બાજુ અફાટ રણ પ્રદેશ છે. માત્ર રેતી સિવાય કંઈ

નજરે પડે તેમ નથી. અવર-જવર માટે કોઈ રસ્તો નથી. પાણીનો ગ્લાસ પણ મળે તેમ નથી. પાણી પણ ભૂજથી એટલે ૧૦૦ કિ.મી. દૂરથી ટેન્કરમાં લાવવું પડે ! આવી વિકટ જગ્યાએ દેશના જવાનો રાત્રિ દિવસ આપણી રક્ષાને અર્થે ચોવીસે કલાક હથિયાર ધારણ કરી ચાંપતી નજર રાખી ખડે પગે ઉભા હોય છે. જ્યારે જ્યારે આ જવાનોને કંઈ મુશ્કેલી આવે ત્યારે તે સૌ, આ હનુમાનજી મહારાજને તે દૂર કરવાની વિનંતી કરે - બાધા રાખે અને તે અચૂકપણે દૂર થઈ જ જાય ! ત્યારે પોતાનો અહોભાવ વ્યક્ત કરવા તે જવાનો હનુમાનજીને એક ઘંટડી અર્પણ કરે. આની સાક્ષી પૂરતા આજે સેંકડો ઘંટ ત્યાં છે.

તાજેતરમાં થોડા વખત પહેલાં પ.પૂ.ધ.ધુ. નિવૃત આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ - મોટા મહારાજશ્રી ભૂજમાં દર્શનાર્થે પધારેલા તે વખતે મહંત સ્વામીશ્રી તથા ટ્રસ્ટીઓ અને હરિભક્તોએ ઉપર જણાવ્યો તે ઈતિહાસ મહારાજશ્રીને જણાવ્યો અને મોટા મહારાજશ્રીએ તત્કાળ તે સ્થળે જવાની ઈચ્છા કરી. મિલિટરી વગેરે સરકારની પરવાનગીઓ મેળવીને તેઓશ્રી સંતમંડળની સાથે તે વિકટ જગ્યાએ મહામુશ્કેલીઓ વેઠીને પણ પધાર્યા અને પોતાના દાદાશ્રી ધર્મદેવના વચનો સંભાર્યા,

**દુઃખ પડે દોય દંપતી તમે સમીરસુત સંભારજ્યો ।**
**કુળદેવ એ આપણા, કરશે સંકટમાં સારજ્યો ॥**

(ભ.ચિ.પ્ર.-૧૨-કડી-૪)

અને ચિરંજીવી હનુમાનજી મહારાજે ધર્મદેવને આપેલ વચન અતિ ગદ્‌ગદિત થઈને વિનમ્રભાવે હૈયામાં ધાર્યા,

**આવી સ્વપ્નમાંહિ કહ્યું એમ રે,**
**મને સંભાર્યો નહિ તમે કેમ રે ।**
**હવે દુઃખ તમારું દંપતી રે,**
**નહિ રહેવા દઉં એક રતિ રે ॥**

(ભ.ચિ.પ્ર.-૧૪-કડી-૯)

સાક્ષાત્ હનુમાનજી મહારાજે મોટા મહારાજના હૈયામાં પ્રેરણા કરી અને સહસા તેઓ બોલ્યા કે, ''આપણે અહીં હનુમાનજી મહારાજનું એક સુંદર સગવડતાવાળુ મંદિર કરવું છે.'' ધર્મવંશી આચાર્યશ્રીની આજ્ઞામાં જ અનુસરવાવાળા ભૂજ મંદિરના મહંતશ્રી અન્ય સંતો, પાર્ષદવર્યશ્રી તેમજ ટ્રસ્ટીશ્રીઓએ આ વચનો માથે ચઢાવ્યા અને તે આજ્ઞા અનુસારે તાત્કાલિક કાર્ય આરંભ કરાવ્યો.

ભૂજથી ૧૧૦ કિ.મી. દૂર, જવા-આવવાના રસ્તા નહિ માત્ર રણમાં જ સેંકડો કિ.મી. જવાનું, ખોરાક પાણીની કોઈ જ સગવડ નહિ, સંવેદનશીલ બોર્ડર, સંરક્ષણના હેતુઓ અનુસાર કોઈ માણસને જવા આવવાની પરવાનગી નહિ, ફોટોગ્રાફી ઉપર સંપૂર્ણ પ્રતિબંધ આ બધી મુશ્કેલીઓમાં આ મંદિરની રચના અશક્ય જણાય. પરંતુ મોટા મહારાજશ્રીનો સંકલ્પ મૂર્તિમાન હોય છે. તેમાં પવિત્ર સંતોના-આશીર્વાદ ભળે તેથી તા. ૯-૫-૨૦૧૮ ના રોજ મોટા મહારાજશ્રીના હસ્તે, તત્કાલિન મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અનેક સરકારી પદાધિકારીઓ, સૈન્યના બહાદુર જવાનો અને સંતો-હરિભક્તોની હાજરીમાં મંદિરનું ખાતમુહૂર્ત થયું.

સંતો, ટ્રસ્ટીઓ, હરિભક્તોના અથાગ પ્રયત્નોથી માત્ર બે જ વર્ષના ટૂંકા ગાળામાં નયનરમ્ય સુંદર મંદિરની રચના પૂર્ણ થઈ. સાથે મોટો હોલ પીવાના પાણીની ટાંકી, બે રૂમો, ચબૂતરો વગેરેનું નિર્માણ કર્યું. જંગલમાં મંગલ સર્જ્યું. સેનાના જવાનો પણ તેમના આરાધ્ય દેવનું મંદિર થયેલું જોઈ અતિ હર્ષ પામ્યા. આજની ભૌગોલિક પરિસ્થિતિ જોતાં અશક્ય લાગતું કાર્ય ટૂંકા સમયગાળામાં પૂર્ણ થયું. તેનું કારણ છે હનુમાનજી મહારાજની ચમત્કારિક મૂર્તિ, મોટા મહારાજશ્રીનો બળવાન મૂર્તિમાન સંકલ્પ, ભૂજ મંદિરના મહંતશ્રી અને પવિત્ર સંતોના રૂડા આશીર્વાદ અને ધર્મપ્રેમી અનુભવી ટ્રસ્ટીઓની દીર્ઘદષ્ટિ પૂર્વકનું આયોજન.

સંપ્રદાયની રીતિ પ્રમાણે શિક્ષાપત્રી શ્લોક-૯૨ નું અનુસંધાન રાખીને સૌ સંતમંડળે અને ટ્રસ્ટીશ્રીઓએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી

મહારાજશ્રીને આ નૂતન મંદિરમાં, તે હનુમાનજી મહારાજની ચમત્કારિક મૂર્તિની વિધિપૂર્વક પ્રાણપ્રતિષ્ઠા કરવા વિનંતી કરી અને તા. ૧૦-૧૨-૨૦૧૯ ના રોજ પ્રતિષ્ઠા ઉત્સવ કરવાનું નિરધાર્યું. અમદાવાદથી મોટા મહારાજશ્રી ભક્તગણ સાથે લઈને પધાર્યા આચાર્ય મહારાજશ્રી સંતોને સાથે લઈને પધાર્યા. ભૂજમંદિરેથી સ.ગુ. શ્રી મહંત સ્વામી બસો ઉપરાંત સંતો, મહંતો, પાર્ષદવર્યો, ટ્રસ્ટીઓ વગેરે સાથે પધાર્યા, અનેક હરિભક્તોને ત્યાં લાવવા માટેની અતિ સુંદર વ્યવસ્થા ભૂજ મંદિરના વહીવટકર્તાઓએ કરી. ભારતીય સેનાના જવાનો, સેનાધિપતિઓ વગેરેની હાજરીમાં નૂતન મંદિરમાં યજ્ઞ કરીને, વેદમંત્રોનો ગાન સાથે, શાસ્ત્રોકત વિધિ મુજબ પ.પૂ.ધ.ધુ.શ્રી આચાર્ય મહારાજશ્રીએ શ્રી હનુમાનજી મહારાજની પ્રતિષ્ઠા કરી અને કષ્ટભંજનદેવ તેમજ નરનારાયણદેવનો જયઘોષ દિગંતમાં પ્રસર્યો વાતાવરણમાં અજબની દિવ્યતાનો સંચાર થયો. પ્રતિષ્ઠા થાય પછીની આરતીનું સુમધુર સ્વરે ગાન થયું. કષ્ટભંજનદેવની સ્તુતિ આરાધના થઈ અને સર્વેને પ્રસાદનું વિતરણ થયું.

સંતો હરિભક્તોની સભાને તો અમે રોજ સંબોધીએ છીએ પણ આજની આ સભામાં ભારત દેશના વીરજવાનોની હાજરી છે તેથી અમને વિશેષ ગૌરવની લાગણી થાય છે. આચાર્ય મહારાજશ્રીના આ પ્રવચનમાં આત્મીયતા, નિરાડંબરતા અને સચ્ચાઈનો રણકો જોઈ-સાંભળીને સૌના હૃદયમાં અતિ આનંદ થયો. તેઓશ્રીએ વધુમાં જણાવ્યું કે પાણીની મુશ્કેલી દૂર કરવા માટે અમે જરૂરથી પ્રયત્ન કરીશું જેઓ દેશની રક્ષા કરે છે તેમને મદદ-સહાય કરવા માટે અમે હંમેશા તૈયાર છીએ. સ્વામિનારાયણ સંપ્રદાય રાષ્ટ્રહિતને હૈયામાં રાખે છે. આ જવાનો પ્રત્યે અમને અતિશય લાગણી પ્રેમ અને ગૌરવ છે અને તેથી જ આપ સૌનું રક્ષણ કરવા આ હનુમાનજી મહારાજની અમે પ્રતિષ્ઠા કરી છે. સેનાના જવાનોનો પ્રેમ ઉત્સાહ જોઈને, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેમજ ધર્મનિષ્ઠ એવા પ.પૂ. જાદવજી ભગતજીએ પણ હિન્દીમાં જ અતિ સુંદર પ્રવચનો કર્યા.

પ.પૂ. મોટા મહારાજશ્રીએ જણાવ્યું કે જ્યારે ભગવાન રાજી થાય છે ત્યારે આપણને સારા વિચાર પ્રેરે છે અને અમને પણ આ મંદિર બનાવવાનો શુભ સંકલ્પ થયો તે પણ શ્રી નરનારાયણદેવની કૃપા અને હનુમાનજી મહારાજની જ પ્રેરણા છે. સૌની રક્ષા આ હનુમાનજી મહારાજ કરશે તેવા અતિ રૂડા આશીર્વાદ આપ્યા.

ભૂજ મંદિરના પાર્ષદવર્ય શ્રી જાદવજી ભગતજીએ સેનાના જવાનોને બિરદાવ્યા તે બધાને ભેટ પહેરામણી આપીને સર્વનું યથાયોગ્ય સન્માન કર્યું. ભવિષ્યમાં અન્ય કંઈ સેવા હોય તો તે પણ અમે કરીશું એવી હૈયાધારણ આપીને સેવા તત્પરતા બતાવી ઉપસ્થિત સર્વે સંત-હરિભક્તોનો હૃદયપૂર્વક આભાર માની સૌને રૂડા આશીર્વાદ આપ્યા. BSF (બોર્ડર સિક્યોરીટી ફોર્સ)ના જવાનો વતીથી લશ્કરના ઉચ્ચ અધિકારીઓએ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, ભૂજ મંદિરના મહંત સ્વામીશ્રી તેમજ પાર્ષદવર્ય જાદવજી ભગતનું હાર-તોરા ખેસ વગેરે અર્પણ કરીને અતિ રૂડું સન્માન કર્યું અને અહોભાવની લાગણી વ્યક્ત કરી.

ત્યાં ઉપસ્થિત સર્વે જવાનોએ જણાવ્યું કે હવે અહિં હનુમાન ચાલીસા કરવાનું સુગમ થશે. તે સર્વે જવાનોએ અનુભવ્યું કે,

**રામ દુરાએ તુમ રખવારે,**
**હોત ન આજ્ઞા બિનુ પૈસા રે ।**
**સબ સુખ લહૈ તુમ્હારી સરના,**
**તુમ રક્ષક કાહુ કો ડરના ॥**

આ પ્રતિષ્ઠા મહોત્સવની અગત્યની બાબત એ હતી કે, લગભગ અઢી કરોડ રૂપિયાના ખર્ચે બંધાવેલું આ મંદિર, અતિ નિઃસ્પૃહપણે સેનાના જવાનોને ભારત સરકારને અર્પણ કરેલું છે. તેના પૂજારી પણ સૈન્યના જવાનો જ. સંપ્રદાયની તેમાં જ કશી જ દખલગીરી નહી ! સંપ્રદાયની આ અતિ ઉચ્ચ ભાવનાને ભારત સરકારે પણ

ધ્યાનમાં લીધી. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબે પ.પૂ. મોટા મહારાજશ્રીને અગંત સંદેશો પાઠવીને સંપ્રદાયના આ સેવા કાર્યને બિરદાવ્યું. તેઓશ્રી પોતે જ અયોધ્યામાં શ્રીરામ મંદિર માટે આટલો દાખડો કરતા હોય ત્યારે તે જ શ્રીરામના પરમભક્ત એવા એવા શક્તિમાન શ્રી હનુમાનજી મહારાજનું સરહદ ઉપર સ્થાપન થતું જોઈને અતિ આનંદની લાગણી અનુભવે તેમાં કોઈ શંકા નથી. પરંતુ વિશેષ કરીને સ્વામિનારાયણ સંપ્રદાયની નિઃસ્પૃહતા જોઈ-જાણી અનુભવીને તેઓએ સહદયતાની લાગણી અનુભવી અને તેમના સંદેશામાં તેને તેઓએ પ્રતિધોષિત કરી.

ભૂજ મંદિરે આ કાર્યમાં તન-મન-ધનનો ખૂબજ સહયોગ આપ્યો. આવા રણ વિસ્તારમાં આટલા હજારો માણસો માટે ખાવા-પીવા, જવા-આવવાની વ્યવસ્થા કરવી એ પણ ખૂબ કપરું કામ બાખૂબીથી તેમણે નિભાવ્યું. વડીલ સંતોએ મોટી સંખ્યામાં અનેક મુશ્કેલીઓ વેઠીને પણ ત્યાં હાજરી આપીને મહોત્સવ દીપાવ્યો.

કાર્યક્રમના અંતમાં રાષ્ટ્રગીત ગાઈને પૂર્ણાહુતિ કરી ત્યારે ત્યાં હાજર સૌ સંતો, હરિભક્તોએ ભારતમાતાની જય બોલાવી તેનાથી સૈન્યના જવાનો અત્યંત ભાવુક થઈ ગયા અને ખુલ્લા દિલે તેમણે જણાવ્યું કે ધાર્મિક સંસ્થાઓમાં આવી રાષ્ટ્રભાવના જવલ્લે જ જોવા મળે છે. સ્વામિનારાયણ સંપ્રદાયના વરિષ્ઠ સંત સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ સારંગપુર ગામે હનુમાનજી મહારાજ સ્થાપ્યા તે આજે પણ પ્રત્યક્ષભાવ દર્શાવે છે. મહાનુભાવાનંદ સ્વામીએ પણ હનુમાનજીની પ્રતિષ્ઠા કરી છે, આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ પણ અમદાવાદમાં કાંકરિયા આદિ ઘણેક ઠેકાણે હનુમાનજીની પ્રતિષ્ઠા કરી છે. ને આજે પણ તે દેવ સૌની મનોકામના પૂર્ણ કરે છે, સર્વેના આધિ-વ્યાધિ-ઉપાધિ ટાળે છે. તેજ પગલે ચાલીને આજે અહીં કચ્છ સરહદે ભેડીયાબેટ હનુમાનજીની સ્થાપના પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ કરી છે તે સૌ હરિભક્તો, જવાનો, ભારતની સરહદોની રક્ષા જરૂર કરશે. અનુકુળતા હોય તો સૌ એના દર્શનનો લાભ લેજ્યો.

## શ્રી સ્વામિનારાયણ માસિકના સર્વે સભ્યોને સૂચન

શ્રી સ્વામિનારાયણ માસિકના સર્વે સભ્યોને આગ્રહભરી ખાસ વિનંતી છે કે તેઓએ તેમનો સભ્ય નંબર, નામ અને તેમનો મોબાઈલ નંબર અચૂકપણે વહેલી તકે અમદાવાદ શ્રી નરનારાયણદેવના મંદિરે સ્વામિનારાયણ માસિકની ઓફિસમાં મોકલી આપવો.

મંદિરની પ્રવૃત્તિઓ, માસિક અંગેની વિગતો/ફરિયાદો વગેરે અંગે આપશ્રીના મોબાઈલ નંબર ઉપર માહિતી આપને મળી જશે.

નીચે જણાવેલ મંદિરના મોબાઈલ નંબર ઉપર આપશ્રી **SMS** અથવા **WhatsApp** ઉપર પણ આપની માહિતી આપી દેશો.

મોબાઈલ નંબર : **9099098969**

શ્રી સ્વામિનારાયણ માસિકના સભ્યની વિગત

સભ્ય નંબર : ..................................................

સભ્યનું નામ : ..................................................................................................................

મોબાઈલ નં. ૧ .................................................. ૨ ..................................................

ગામ/શહેરનું નામ : .................................... તા. ........................ જિ. ..........................

# ગાવાનું બંધ કરો

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

ગઢપુરમાં ઘેલા ધાંધલ એક દિવસ શ્રીજીમહારાજ પાસે આવ્યા મહારાજને પગે લાગીને કહ્યું કે મારે ઘેર જુવાર ભરવાની ખાણ ખોદીને તૈયાર કરી છે. માટે આપ ત્યાં પધારી ખાણનું મુહૂર્ત કરો. પછી મહારાજ ત્યાં પધાર્યા અને આથમણે બારના ઓરડે બિરાજમાન થયા. નિત્યાનંદ સ્વામી કથા કરવા બેઠા. એવામાં રામપ્રતાપભાઈ ત્યાં આવ્યા. મહારાજને છેટેથી પગે લાગી ચાલ્યા ગયા. મહારાજને લાગ્યું કે મોટાભાઈ ક્યાંક બહાર ગામ જતા હોય તેવું લાગે છે. કોઈ સેવકને ખબર કાઢવા મોકલ્યો તો તેણે આવીને કહ્યું કે ભાઈ તો દેહાખાચરનું ગાડું નીકળ્યું તેમાં બેસીને ઉગામેડીના મારગે ગયા. મહારાજ તરત દરબારમાં આવ્યા. લાડુબા, જીવુબા અને દાદાખાચરને પૂછ્યું, રામપ્રતાપભાઈ ક્યાં ગયા ખબર છે ? ત્રણેય જણાએ ખબર ન હોવાનું કહ્યું, મહારાજ અક્ષર ઓરડીએ આવીને બેઠા ત્યાં રઘુવીરજી આવ્યા. તેમને પૂછ્યું, મોટાભાઈ ક્યાં ગયા છે તે ખબર છે ? તેમણે પણ ના પાડી. પછી મહારાજે કહ્યું, આપણે દેશની વહેંચણી કરી તેમાં અમદાવાદ દેશ તેમને મળ્યો છે આથી તેમને એમ લાગ્યું છે કે મને ઓછું મળ્યું છે અને રઘુવીરજીને વધારે મળ્યું છે તેથી રિસાઈ ગયા છે. તમે કહો તો આ ગઢડામાંથી અરધો ભાગ એમને આપી દઈએ. રઘુવીરજીએ કહ્યું, ભલે મહારાજ આપો. હું રાજી છું. રઘુવીરજીના ઉત્તરથી મહારાજ રાજી થયા. પછી દાદા ખાચરને બોલાવી કહ્યું કે રામપ્રતાપભાઈને પાછા બોલાવવા જવું છે. તમે તૈયાર થાઓ, આમ મહારાજ અને દાદા ખાચર વગેરે પાંચ સાત જણા ચાલતા થયા. કોઈ સેવક સાથે કહેવડાવ્યું કે મુક્તાનંદ સ્વામીને કહેજો કે અમે રાધાવાવે રોકાણા છીએ. ત્યાં તેઓ ગાડી લઈને આવે. સ્વામી તરત જ ગાડી લઈને મહારાજ પાસે આવ્યા. બધા ઉગામેડી ગયા. ગામને પાદર ઉભા રહી એક સેવકને ખબર કાઢવા ગામમાં મોકલ્યો. તેણે આવીને કહ્યું કે ભાઈ તો રસોઈ બનાવે છે.

શ્રીહરિ કહે છે આપણે અહીં થોડીવાર બેસીએ. કદાચ ભાઈ અહીંથી નીકળશે. એવામાં જ ભાઈ ત્યાંથી ચાલતા ચાલતા નીકળ્યા. સ્વામીએ તરત તેમને ગાડીમાં બેસાડી દીધા અને દાદા ખાચરના દરબારમાં આવ્યા. પાછળથી શ્રીજી મહારાજ અને દાદા ખાચર વગેરે પણ આવી પહોંચ્યા. ભાઈ પોતાના ઉતારે ગયા બાદ મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું, ગાડીમાં બેઠા પછી તમે ભાઈને પૂછ્યું નહિં કે તમે કેમ રિસાઈને જતા રહ્યા ? સ્વામી કહે, ભાઈની તેજ પ્રકૃતિ જોઈને મને પૂછવાનું મન ન થયું.

બીજે દિવસે સૂર્યોદય સમયે સંતો ગાવણું કરવા આવ્યા. પ્રેમાનંદ સ્વામીને મહારાજે આંગળીની સાને કરીને બોલાવી કહ્યું કે રામપ્રતાપભાઈ કાલે રિસાઈને કેમ જતા રહ્યા હતા તે પૂછી જોજો. પ્રેમાનંદ સ્વામી મોટા ભાઈ આગળ સરોદો લઈ ગાવા લાગ્યા. ભાઈ પણ ગાવામાં સાથ આપતા હતા. ગાવણું બંધ કયા પછી ભાઈ પ્રેમાનંદ સ્વામી ઉપર બહુ રાજી થયા. અને બોલ્યા કે બ્હોત અચ્છા ગાયા.

ભાઈને ખુશી જોઈને પ્રેમાનંદ સ્વામી બોલ્યા, આપને એક પ્રશ્ન પૂછું ? ભાઈ કહે પૂછો પૂછો. સ્વામીએ કહ્યું, કાલે તમે રિસાઈને જતા કેમ રહ્યા હતા ? ભાઈ બોલ્યા કે કાલે રાતે અમે ગાતા હતા ત્યારે દેવો અને વીરો અમને કહી ગયા કે ગાવાનું બંધ કરો. મહારાજને ઉંઘ નથી આવતી. આવું સાંભળી હમકો અચ્છા નહિ લગા. એટલે અમે જતા રહ્યા પ્રેમાનંદ સ્વામીએ મહારાજ પાસે આવી આ વાત કરી. મહારાજ હસીને બોલ્યા કે આ તો ધાર્યા કરતાં બીજું જ કારણ નીકળ્યું. પોતાને ઓછો ભાગ મળ્યો છે એવું એમના મનમાં યે નથી !

તરત જ મહારાજ રામપ્રતાપભાઈને ઉતારે ગયા અને કહ્યું કે અમે તમને ગાવાનું બંધ કરવા ક્યારે કહ્યું હતું ? ભાઈ કહે દેવો અને વીરો આવી કહી ગયા કે ગાવાનું બંધ કરો મહારાજને ઉંઘ નથી આવતી. મહારાજ કહે બોલાવો દેવા અને વીરાને બધી ચોખવટ થઈ જાય.

બંને ભાઈ આવ્યા ત્યારે મહારાજે કહ્યું, અમે તમને મોટાભાઈ ગાતા હતા તે બંધ કરાવા ક્યારે મોકલ્યા હતા

? બંને ભાઈ ભોંઠા પડ્યા દિલગીર થઈ બોલ્યા કે હે મહારાજ, અમે સવારથી સાંજ સુધી કઠોર પરિશ્રમ કરીને આવ્યા હોઈએ અને રાતે સૂઈએ ત્યારે ભાઈ ભજન ગાવાનું શરૂ કરે એટલે અમારી ઉંઘ ઉડી જાય તેથી તમારું નામ લઈને અમે ભાઈને ગાવાનું બંધ કરવા કહ્યું હતું.

જુઓ મોટાભાઈ ! મહારાજે કહ્યું. આમા અમારો કાંઈ વાંક છે ? મોટાભાઈ દેવા તથા વીરા ઉપર બહુ ગુસ્સે થયા. શ્રીહરિને કહે છે આ ગામમાં કાં તો હું નહિ અને કાંતો દેવો-વીરો નહિ. તમે નિર્ણય કરી લો. મોટાભાઈ ! મહારાજે કહ્યું, તમે તો મારી સાથે જ રહેશો દેવો-વીરો જતા રહેશે. દેવા-વીરા તરફ ફરીને કહ્યું, તમે ગઢપુરની હદ બહાર જતા રહો. પછી ભાઈથી છાની રીતે કહેવડાવ્યું, આઘા જશો નહિ. માંડવધારમાં રહેજો.

બે-ત્રણ દિવસ બાદ રામપ્રતાપભાઈ ઘેલામાં ખળખળિયે નહાતા હતા ત્યારે કોઈ માણસને અશુધ્ધ ક્રિયા કરતો જોઈને ભાઈને થયું જે દેવો તથા વીરો પણ કુસંગીના સંગથી બગડી ગયા હશે. મારા પ્રતિ અણગમો થયો હશે. અને જેવી તેવી શુદ્ધ અશુદ્ધ ક્રિયા કરતા હશે. નિમિત્તરૂપ તો હું જ થયો ને ! બહુ ખોટું થયું.

નાહીને દરબારમાં આવી સીધા મહારાજ પાસે ગયા. કહ્યું ભૈયા ! દેવો ઓર વીરા કો વાપસ બુલાઓ. મહારાજ કહે છે મોટાભાઈ ! એ તો ગયા તે ગયા. ક્યાં ગયા હશે તે આપણને શી ખબર ! ભાઈએ કહ્યું, ગમે તે કરો. તમારા સેવકોને ચારે કોર તપાસ કરવા મોકલો તેઓ આવ્યા પછી જ હું જમીશ. એક પાર્ષદ માંડવધાર જઈ બંને ભાઈઓને બોલાવી લાવ્યો. રામપ્રતાપભાઈ બંનેને બાથમાં લઈ ભેટ્યા બહુ રાજી થયા. દેવા-વીરાએ ખોટું બોલવા બદલ માફી માગી અને મહારાજ પાસે જઈને પણ તેમના નામે ભાઈ આગળ ખોટું બોલવા બદલ માફી માગી.

તેજ દિવસે દેવા-વીરાએ બ્રાહ્મણ પાસે થાળ કરાવી મહારાજ તથા મોટાભાઈને જમાડ્યા.

## શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા આયોજીત સમગ્ર અમદાવાદ દેશની બાળ મંડળ શિબિર

**સમસ્ત સત્સંગને સહર્ષ જણાવવાનું કે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં એવમ્ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની ઉપસ્થિતિમાં શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા આયોજીત સમગ્ર અમદાવાદ દેશની બાળમંડળ શિબિરનું ખૂબજ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નીચે દર્શાવેલ ઉંમરના આપના બાળકો અને બાલિકાઓને શિબિરમાં ભાગ લેવા માટે દરેક વાલીઓને ખાસ નમ્ર અનુરોધ છે.**

**: સમય :**
**તા. ૧૯-૦૧-૨૦૨૦**
**સોમવાર**
**સવારે ૯ થી ૫**
**વય મર્યાદા ૧૦ થી ૨૦ વર્ષ**
**(બાળકો-બાલિકાઓ)**

**: સ્થળ :**
**શ્રી નરનારાયણદેવ નગર**
**પારસનગર, ભૂયંગદેવ રોડ,**
**પેટ્રોલ પંપ પાછળ, ઘાટલોડીયા,**
**અમદાવાદ.**
**સંપર્ક : ૯૬૬૨૦૪૦૫૬૨**
**૯૪૨૯૦૬૭૫૮૪**

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

અક્ષરધામના અધિપતિએ આપણા-સૌ જીવોના કલ્યાણને અર્થે મનુષ્ય દેહ ધારણ કર્યો અને મનુષ્યદેહના જ ધર્મો આજીવન પાળ્યા. ઠંડી, ગરમી, વરસાદ વગેરે સાધારણ જીવોની જેમ જ સહન કર્યું. માગશર-પોષ મહિનાની કડકડતી ઠંડીમાં પણ વહેલી પરોઢે સ્નાનાદિથી પરવારીને અનેક વખત કથાવાર્તા કરતા.

એક વખત આવી હાડ થીજી જાય તેવી ઠંડીમાં શ્રીજીને શરીરે તાપવા માટે સંતોએ સગડી સળગાવી. શ્રીજી તાપતા હતા, ત્યારે એક હરિભક્તે શ્રીજીને પૂછ્યું કે હે મહારાજ ! અક્ષરધામમાં શ્રીહરિ અત્યારે શું કરતા હશે ? શ્રીહરિ બોલ્યા કે, ભગત ! ત્યાં પણ શ્રીજી સગડીએ તાપે જ છે ! ભગતને થયું કે ધામમાં તો ટાઢ તાપ હોય નહિ... સહેજ મૂંઝાણાં. શ્રીહરિ સમજી ગયા અને તેને સમાધિ કરાવી અક્ષરધામમાં મોકલ્યો. શ્રીહરિને ત્યાં પણ તે જ સગડીએ તાપતા જોઈને હરિભગતે ગદ્‌ગદ્‌ કંઠે શ્રીહરિની સ્તુતિ કરવા માંડી. અને નિશ્ચય પાકો કર્યો કે શ્રીહરિનું આ માનુષી સ્વરૂપ અને અક્ષરધામનું દિવ્ય સ્વરૂપ એ બેયમાં એક રોમનો પણ ફેર નથી.

આવી મહામૂલી સગડીના દર્શન આપણને સ્વામિનારાયણ મ્યુઝિયમમાં થાય છે તે આપણાં મોટા ભાગ્ય છે. જે સગડી હરિભક્તે અક્ષરધામમાં પણ જોઈ તેવા જ દર્શન આપણને અહીં થાય છે. આનાથી બીજી વાત કોઈ મોટી નથી. આપણી નજરમાંથી માયિક ભાવ ટાળીને દિવ્ય ભાવથી દર્શન કરીશું તો આની પ્રતિતી થશે જ.

સ્વામિનારાયણ મ્યુઝિમની દરેક વસ્તુ શ્રીહરિના સાક્ષાત્‌ સંબંધવાળી છે તેથી જ તો અહીંના અણું-પરમાણુમાં પરમાત્માની અનુભૂતિ થાય છે. પ.પૂ. મોટા મહારાજશ્રીના તપ-ત્યાગના પ્રભાવના તેજે કરીને અહીં પ્રવેશતાંની સાથે જ મનને અપાર શાંતિ મળે છે.

હરિભક્તો, આ મહાપ્રસાદીની સગડીના દર્શન અચૂક કરજો. દેહ છતે જ અક્ષરધામમાંની વસ્તુને નરી આંખે જોવાનો લાભ વારે ઘડીએ મળતો નથી.

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન** (ફક્ત વોડાફોન ધારકો માટે)
પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.
મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી ડિસેમ્બર-૨૦૧૯

| | |
|---|---|
| તા. ૧-૧૨-૧૯ | અ.નિ. ભાઈલાલભાઈ ઈશ્વરભાઈ કોઠારી હ. કીર્તિભાઈ તથા અલ્કેશભાઈ કોઠારી - પાલડી |
| | ૧૧ વાગે - નિરજ પિયુષકુમાર જોષી - યુ.એસ.એ. |
| તા.૮-૧૨-૧૯ | જશીબેન અરવિંદભાઈ પટેલ વડુવાળા - યુ.એસ.એ. |
| તા. ૯-૧૨-૧૯ | પૂજા સમીર - પાલડી |
| તા. ૧૮-૧૨-૧૯ | વર્ષા (ભૂમિ) ગોવિંદભાઈ પટેલ - ચડાસણાવાળા હા. કેનેડા |
| તા. ૨૯-૧૨-૧૯ | યામિની મિહીર ઠક્કર - સીડની (ઓસ્ટ્રેલીયા) |
| | ૧૧ વાગે અંકિત વિનોદચંદ્ર પટેલ કપડવંજવાળા - હા. લંડન |
| તા.૩૧-૧૨-૧૯ | મલય જયેન્દ્રભાઈ આત્મારામ પટેલ ડાંગરવાવાળા હા.યુ.એસ.એ. |
| | પ્રેરણા : શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી |

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો ૯ મો વાર્ષિક સ્થાપના દિન (ફાગણ સુદ-૩ શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ)તા. ૨૬-૦૨-૨૦૨૦ બુધવારના રોજ ધામધૂમથી ઉજવાશે. સમૂહ મહાપૂજામાં સજોડે બેસવાનો લાભ લેવા માટે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની ઓફિસમાં સંપર્ક કરવો.**

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ ડિસેમ્બર-૨૦૧૯

| | |
|---|---|
| રૂા. ૧,૨૫,૦૦૦/- | અશ્વિનભાઈ મગનભાઈ જાગાણી - સેટેલાઈટ |
| | ચિ. ચાર્વીના લગ્ન નિમિત્તે -હ. ડૉ. મગનભાઈ જાગાણી |
| રૂા. ૧૮,૦૦૦/- | એન. એચ. પ્રધાનાની - મુંબઈ |
| | દર માસે રૂા. ૧૫૦૦/- મ્યુઝિયમ નિભાવ પેટેના |
| રૂા. ૧૨,૦૦૦/- | જગદીશભાઈ કાળીદાસ દરજી - બોપલ |
| | દર માસે રૂા. ૧૦૦૦/- મ્યુઝિયમ નિભાવ પેટેના |
| રૂા. ૧૧,૦૦૦/- | પ.ભ. પટેલ મગનભાઈ - ડાંગરવા |
| રૂા. ૧૧,૦૦૦/- | પટેલ અરવિંદભાઈ ત્રિકમલાલ કરજીસણવાળા - નવા નરોડા |
| | મ્યુઝિયમમાં અભિષેક સંકલ્પ પેટે |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com



# સત્સંગ બાલવાટિકા

**સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)**

**નામ રૂપી નાવ**

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

ભગવાનનું નામ સ્મરણ અદ્‌ભુત અને ચમત્કારી છે. એમાં પણ કલિયુગમાં તો ભગવાનનું નામસ્મરણ એ તો ભવજળ પાર ઉતરવા નાવ સમાન છે.

શાસ્ત્રોમાં કહ્યું પણ છે કે -

कृते यत् ध्याय तो विष्णु, त्रेतायाम् यजतो मखै ।

द्वापरे परिचर्यायाम्, कलौ केशव किर्तनात् ॥

એટલે કે સતયુગમાં ધ્યાન ધરી ધરીને વર્ષોના વર્ષો સુધી સાધના કરે ત્યારે ભગવાનની પ્રાપ્તિ થાય કે ન પણ થાય તેટલી કઠિનાઈ હતી. ત્રેતાયુગમાં અગણિત યજ્ઞો કરે ત્યારે ભગવાન રાજી થાય કે ન પણ થાય એ પરિસ્થિતિ હતી. દ્વાપર યુગમાં સેવા કાર્યો તે ભગવાનને પ્રાપ્ત કરવા માટેનું સાધન હતું. પણ કળિયુગમાં ભગવાન બહુ અઢળક ઢળ્યા છે. નામ સ્મરણ ને સંકીર્તન દ્વારા સહેજે સહેજે ભગવાનની પ્રાપ્તિ સુલભ બની છે. ભગવાનના નામ-સ્મરણના પ્રતાપે ભયંકર વાલીયા લુંટારામાંથી વાલ્મિક ઋષિ બની જાય છે.

જે કામ જ્ઞાન નથી કરી શકતું તેવા કામ પણ ભગવાનના નિયમિત નામ-સ્મરણ દ્વારા સુગમ બની જાય છે. ગોસ્વામી તુલસીદાસજી મહારાજે પણ ભગવાનના નામ-સ્મરણની શક્તિ પ્રગટ કરતા કહ્યું છે કે -

**“નહિ કલી કરમ ન ભગતિ બિબેકુ,**
**રામ નામ અવલંબન એહું.”**

જો એક નિષ્ઠાથી ભગવાનનું નામ સ્મરણ થાય તો તે કેવું કામ કરી આપે છે તે આ વાત ઉપરથી સમજી શકાશે.

એક સરસ સ્વચ્છ ગામ હતું. એ ગામમાં એક રામજી મંદિરમાં ત્યાંના ભક્તોએ ભેળા મળી ભગવાનની કથાનું સુંદર આયોજન કર્યું. કથાકાર પંડિજીનું આગમન થયું અને કથાની શરૂઆત થઈ. આ ગામની બાજુમાં નદીને સામે પાર એક બીજું ગામ હતું. ત્યાંથી એક ગોવાલણ રોજ નાવ દ્વારા નદી ઉતરી આ ગામમાં દૂધ વેચતી. આ તે બહેનનો નિત્યક્રમ હતો.

નિયમ મુજબ એ ગામમાં આવી. તે સમયે કથા-વાર્તા થતી હતી. પંડિતજી કથાનું શ્રવણ કરાવતા હતા. સહેજે અંતરમાં લાગણી થતા આ બહેન પણ કથા સાંભળવા બેઠાં. કથામાં પંડિતજીએ ખૂબ ભક્તિભાવ પૂર્વક કથા કરતાં કહ્યું કે ભગવાનનું નામ ભવજળતારક સુંદરનાવ છે. આ વાત આ બહેનના અંતરમાં ઉતરી ગઈ. આ બહેને વિચાર કર્યો કે જો રામનામ રટવાથી ભવપાર થઈ જવાતું હોય, તે આટલું તારક હોય તો મારે રોજ આ નાવવાળાને પૈસા આપીને શું કરવા આવવું !!

અને આ બહેને તો ભગવાનનું નામ પુરી શ્રધ્ધા સાથે લઈને નદીમાં ચાલવાનું શરૂ કર્યું. ચમત્કાર !! આશ્ચર્યમ્ !! આ બહેન પાણી પર ચાલતાં ચાલતાં જ નદી પાર કરી ગયા.

હવે તો ચાલુ પ્રવૃત્તિએ, ઘરકામ વખતે પણ સતત ભગવાનના નામ સ્મરણનું તેમને રટણ થઈ ગયું. થોડા સમયમાં તો તેમની પાસે પૈસા પણ બચવા લાગ્યા. ભક્તિનો પ્રતાપ પણ એવો કે દૂધ પણ પહેલાં કરતાં વધુ વેચાવા લાગ્યું. ભક્તિના પ્રતાપે મનમાં સદ્‌વિચાર થયો કે જે પંડિતજીની કથા સાંભળવાથી મને આ ભક્તિની, નામ-સ્મરણની દ્રઢતા થઈ તો તેમને જમાડું. પંડિતજીને આમંત્રણ આપ્યું. પંડિતજીને નાવમાં બેસાર્યા અને આ બહેન ચાલતા જ નદી પાર કરી ગયા. પંડિતજી તો આશ્ચર્યથી જોઈજ રહ્યા કે આ શું !! પંડિતજીને ઘેર લઈ જઈ જમાડ્યા, દક્ષિણા આપી.

પંડિતજીને મુંઝવણ થવા લાગી. આવું તે કેવું !! નાવ વિના નદી પાર કરી જવી એ તો મોટો ચમત્કાર ! પછીથી પંડિતજીને આ ચમત્કારનું રહસ્ય સમજાયું કે ભગવાનની કથા શ્રધ્ધાપૂર્વક સાંભળે તેને આવું ફળ મળે છે. જેમ આ બેન નદી પાર કરી જતા હતા તેમ શ્રધ્ધાથી સ્મરણ કરવાથી ભવજળ પાર ઉતરી શકાય છે.

બાલમિત્રો ! વાત તો આશ્ચર્ય લાગે તેવી છે પણ આટલું તો સમજીએ કે ભગવાનના નામ સ્મરણનું વારંવાર રટણ થવાથી જીવમાં શક્તિ ઉદ્‌ભવે છે. અને એક અલૌકિક આનંદની પ્રાપ્તિ જીવ કરી શકે છે. નામ સ્મરણ માટે એવું કાંઈ ફરજીયાત નથી કે પલાંઠી વાળી બેસવું પડે. ''ખાતાં પીતા હરતા ફરતા કરતાં ઘરનું કામ, સ્વામિનારાયણ સ્વામિનારાયણ રટીએ આઠો જામ.'' સંતોએ પણ નામ સ્મરણનો આ રીતે મહિમા ખૂબ કહ્યો છે.

વૈરાગ્ય મૂર્તિ નિષ્કુળાનંદ સ્વામી પણ ભગવાનના નામ સ્મરણનો મહિમા વર્ણવતા કહે છે કે -

**''પાર ઉતાર્યા પરિશ્રમ વિના,**
**બેસી નામ રૂપી નાવ,**
**જે જને જપ્યા જીભથી,**
**તે તરી ગ્યા ભવ દરિયાવ.''**

માટે જેને પોતાના કલ્યાણને ઈચ્છવું તેને તો ભગવાનનું નામ સ્મરણ. અખંડ ચિંતવન એ જ એક સીધો ને સરળ માર્ગ છે. જેનાથી ભવજળ પાર ઉતરી જવાય છે.

●

## ઉપાધિઓ ખૂટવાની નથી

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

કેમ નિયમિત મંદિરે આવતા નથી ? શું કરીએ, બહુ કામકાજ, પ્રવૃત્તિ, વહેવારના લીધે ટાઈમ મળતો જ નથી. તો પછી આત્માના કલ્યાણ માટે ભગવાનનું ભજન-ભક્તિ, સેવા-સત્સંગ ક્યારે થશે ? એ તો આ બધી જવાબદારી પતે, પ્રવૃત્તિ પતે ને પછી નવરા થઈશું ત્યારે ભગવાન ભજીશું.

ભાઈ ! ભલા માણસ ! એમ તો ક્યારે પણ પ્રવૃત્તિઓને જવાબદારીઓનો અંત આવશે જ નહી. તે તો જીવનના અંત સુધી ખૂટે તેમ નથી. તમારી સાથે વાત કરતાં કરતાં મને એક વાત યાદ આવી ગઈ. વાંચો અને પછી વિચારીને કહેજો કે ભક્તિ-ભજનની શરૂઆત ક્યારથી કરવી છે ?

એક નગરમાં એક મહામોટા શેઠ રહે. તેઓ કુશળ વેપારી હતા અને આખા દેશમાં તેમની કીર્તિ ફેલાયેલી હતી. સારા પ્રતિષ્ઠિત વેપારી હોવાની સાથે તેની દાનવીર તરીકે પણ સમગ્ર દેશમાં સારી પ્રતિષ્ઠા હતી. સામાન્ય પ્રજા તો ઠીક પણ મોટા મોટા રાજદ્વારીઓ પણ તેમની પ્રશંસા કરતા. આ એ સમય હતો જ્યારે માલસામાનની હેરફેર માટે વાહન વ્યવહારના, માલ પરિવહનના સાધન તરીકે પોઠોની વણઝાર પ્રચલિત હતી.

આ શેઠની પોઠો સમગ્ર દેશના વિવિધ રાજ-રજવાડામાં ફરતી તેથી તેમની પાસે સમગ્ર દેશના સમચારોની જાણકારી રહેલી. એક સમયે સમાચાર મળ્યા કે તેમના મિત્ર રાજાના પ્રદેશમાં ખૂબ દુષ્કાળ પડ્યો છે. પ્રજા દુઃખી થાય છે. આ સમાચાર મળતા જ રાજાની મદદ માટે આ શેઠે તાકીદે એકસો પોઠોની વણઝાર તૈયાર કરાવી. પુષ્કળ અનાજ, તેમજ જીવન જરૂરિયાતની વસ્તુઓ ગોઠવીને માણસોને બોલાવી હુકમ કર્યો - તમારે જેમ બને તેમ જલ્દી આ પોઠોને હંકારીને આ રાજ્યમાં પહોંચવાનું છે. મુશ્કેલીના ભાગરૂપે રસ્તામાં શત્રુ રાજાના સિમાડેથી પસાર થવાનું હોઈ આ શેઠે રસ્તામાં ક્યાંય પણ ન ઉંઘવાની સ્પષ્ટ સૂચના જવાબદાર માણસોને આપી. જો નિંદ્રા લેવી હોય તો એક જ શરત હતી - જ્યારે સો એ સો પોઠો જેટલો સમય બેસી જાય તેટલો જ સમય આ માણસો આરામ કરી શકે. હુકમ એટલે હુકમ. જવાબદાર માણસો પોઠોની સાથે ચાલવા માંડ્યા. એક દિવસ, બીજો દિવસ, ત્રીજો દિવસ..... આખો દિવસ ચાલવાનું રાત્રે પણ વિશ્રામ નહી ઉપરથી જાગતા રહી પહેરો ભરવાનો આ બધા માણસો તો થાકી ગયા. પણ શેઠની આજ્ઞા પાલનથી થતો ફાયદો અને આજ્ઞા લોપવાથી થઈ શકનારા નુકસાનનો તેમને ખ્યાલ હતો.

ભગવાનને કરવું ને ચોથો દિવસ થયો ત્યારે બધી પોઠો બેસી ગઈ. નજર ફેરવી તો નવાણું પોઠો બેસી ગયેલી પણ એક પોઠ કે જેને વાગ્યું હતું તે બેઠા નહોતી. આ બધા વિચાર કરે છે - ત્રણ ત્રણ દિવસ સળંગ ચાલીને તથા પહેરો કરીને ઘણો થાક તો લાગ્યો છે અને ભગવાને આજે સારી તક આપી છે. જો આ એક પોઠને બેસારી દઈએ તો આપણે થોડો સમય વિશ્રાંતિ લઈ શકીએ. બધા મળીને પોઠને બેસાડવાનો પ્રયત્ન કરવા લાગ્યા. પોઠ બેસી નહી ને આ લોકોને ગુસ્સો આવ્યો. ગુસ્સામાં આવી પોઠને ધકકો માર્યો તો વાગેલું હોવાને કારણે પોઠ જમીન સાથે

(અનુ. પેજ નં. ૨૨ ઉપર)

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) વચનામૃત ઉત્સવ સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) ''વચનામૃત અભ્યાસી બની તે પ્રમાણે જીવન જીવવાનો પ્રયત્ન કરવાનો''**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

વચનામૃત એટલે મહારાજની પ્રત્યક્ષ વાણી જેને **'પરાવાણી'** પણ કહેવાય છે. વચનામૃત તુલ્ય બીજા કોઈ શાસ્ત્ર આવી જ ના શકે. મોક્ષના માર્ગે લઈ જનારા આખા જગતમાં જે કોઈ ધાર્મિક શાસ્ત્રો છે તે બધા શાસ્ત્રોનો **'સાર'** વચનામૃતમાં આવી જાય છે તેથી **'વચનામૃત એ સર્વોપરી ગ્રંથ છે.'** વચનામૃતમાં સામાન્ય પ્રશ્નો પણ છે અને તત્વજ્ઞાન સંબંધી અઘરા પ્રશ્નો પણ છે. આત્મા-પરમાત્માનું જ્ઞાન પણ તેમા સમાઈ જાય છે. અધ્યાત્મને લગતા કોઈ પણ પ્રશ્નો તમને ઉદ્‌ભવે તેનો જવાબ તમને વચનામૃતમાંથી મળી જાય છે. વેદોની જે રચના થઈ તે વેદોને ઋષિમુનિઓએ સમાધિમાં સાંભળેલા છે. જ્યારે **વચનામૃત ભગવાન પ્રત્યક્ષ બોલેલા છે અને નંદસંતોએ પ્રત્યક્ષ સાંભળ્યું છે. અને તાત્કાલિક લખ્યું છે અને એ આપણને મળ્યું છે.** મહારાજના સમયમાં મહારાજ જ્યાં જ્યાં વિચરતા ત્યાં ભક્ત સમુદાયને અવશ્ય ઉપદેશ આપતા. અને તેને સાથે રહેલા સંતો તુરત જ લખી લેતા. **ઘણી વખત પ્રશ્નોત્તરી સત્સંગ પણ થતો અને ઘણી વખત મહારાજ કૃપા કરી પોતાના અંતર-મનની વાતો પણ કરતા.** તો આ બધું મહારાજ બધાને સમજાવતા હોય તો જુદી જુદી જગ્યાએ જુદા જુદા હરિભક્તો હોય તો જેવા હરિભક્તો હોય તે પ્રમાણે મહારાજને સમજાવવાનું હોય એટલે અમુક વખતે પુનરાવર્તન પણ થાય. એટલે બધા સંતોએ લખેલી વાણીને સંગ્રહેલી હતી તેના ઉપરથી **સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી, સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી, સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી, સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી અને સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી આ પાંચ** મોટા સંતોએ મળી સંશોધન કરી **૨૭૩** વચનામૃતનો ગ્રંથ બનાવ્યો. તેમાં સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી મહાન તત્વજ્ઞાની હતા. અને ખૂબ જ મોટા વિદ્વાન સંત હતા. સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીમાં પ્રેમલક્ષણા ભક્તિ હતી. તેમની પ્રેમલક્ષણા ભક્તિ સમજવા માટે તેમના કાવ્યોને સાંભળવા પડે અને સમજવા પડે. સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી બહુ સારા શીઘ્ર કવિ પણ હતા અને ભગવાનના સખા પણ હતા. અને સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીને ભગવાનનો મેળાપ થયો એ પહેલા પણ રાજા-મહારાજાઓએ શતાવધાની અને સહસ્ત્રાવધાનીની **'પદવી'** આપી હતી. શતાવધાની એટલે એક સભામાં જુદા જુદા વિષયોના નિષ્ણાંત એવા ૧૦૦ વિદ્વાનો હાજર હોય એ વખતે દરેક વિદ્વાન પોતપોતાના વિષયોને લગતા અઘરા અઘરા પ્રશ્નો પૂછો અને સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી એક સાથે જે વિદ્વાનોએ જે લાઈનમાં પ્રશ્નો પૂછ્યા હોય તેની તે જ લાઈનમાં એક સાથે એ જ પ્રમાણે ઉત્તર આપે તેને શતાવધાની કહેવાય. અને સહસ્ત્રાવધાની એટલે આગળની જેમ જ પરંતુ હજાર વિદ્વાનો હાજર હોય એ દરેક પ્રશ્ન પૂછે અને સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી ૧૦૦૦ પ્રશ્નોના એક સાથે ઉત્તર કરે. સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી સંસ્કૃત ભાષાના મહાન જ્ઞાની હતા. શીઘ્ર સંસ્કૃત ભાષામાં શ્લોક બનાવતા તેવી શક્તિ તેઓશ્રીમાં હતી અને તેમને શાસ્ત્રોનું જ્ઞાન પણ ખૂબ હતું. સ.ગુ. શ્રી શુકાનંદ મુનિ એટલે શુકમુનિ જે શીઘ્ર એટલે તરત જ ભગવાનના મનની ઈચ્છાને જાણી લેતા કોઈ ભગવાનની ક્રિયાને જોઈને અથવા વાણી દ્વારા સાંભળવીને ભગવાનના વિચારને

